# Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

30 જુલાઈ, 2021 / 7508

શ્રી વિજયભાઈ રૂપાણી
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત સરકાર
ગાંધીનગર.

**વિષય: તા. 31 જુલાઈ સુધીમાં વેપાર-ધંધા માટે ફરજીયાત વેકસિન લેવાના નિર્ણયની સમયમર્યાદા લંબાવવા બાબતે**

માનનીય મુખ્યમંત્રીશ્રી,

આપની કુશળતા ઇચ્છુ છું.

હાલમાં COVID-19 મહામારીની બીજી લેહર દરમ્યાન આપશ્રી દ્વારા જે સમયસરના પગલાંઓ લઇ આ મહારામારીને ટૂંક સમય માં કાબુમાં કરવામાં જે સફળતા મેળવી છે તેમજ સંભવિત થર્ડ વેવની તૈયારીના ભાગરૂપે આપશ્રી દ્વારા જે આગોતરા પગલાં લેવામાં આવ્યા છે તે બદલ અમો આપશ્રીને બિરદાવીએ છીએ. આપશ્રી દ્વારા નવી માર્ગદર્શિકા જાહેર કરી વેપાર-ઉદ્યોગને રાહત આપવામાં આવી છે તેને પણ અમે આવકારીએ છીએ.

આ મહામારીને કાબુમાં કરવા માટેનો એકમાત્ર વિકલ્પ વેક્સીન છે તે અમો પણ ચોક્કસપણે માનીએ છીએ અને એટલેજ અમોએ વેક્સિનેશન ડ્રાઈવ શરુ કરેલ અને સહુ વેપાર-ધંધાર્થીઓને વેક્સીન લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.પરંતુ વેક્સીન નો અભાવ હોવાથી આ વેક્સિનેશન ડરાઇવને અમે દૈનિક ધોરણે ચાલુ રાખી શક્યા નથી. આ જ રીતે અન્ય વેપાર ઉદ્યોગના એસોસિયેશનોએ પણ તેમના સભ્યોને વેક્સીન  લેવા પ્રોત્સાહિત કર્યા છે, પરંતુ તેમને પણ પૂરતી માત્રામાં વેક્સીન ઉપલબ્ધ થઇ રહી નથી.

તેથી આવા સંજોગોમાં તા. 31 જુલાઈ સુધીમાં વેક્સીન ન લઇ શકવાને કારણે તેમને તેમની પ્રવૃત્તિ ચાલુ રાખવા દેવામાં નહિ આવે તો તેમને ખુબ મોટો આર્થિક નુક્શાન ભોગવવું પડશે તેમજ આને કારણે બેરોજગારી પણ સર્જાશે.

તેથી અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે કે વેપાર-ધંધા માટે તા. 31 જુલાઈ થી વેક્સીન લેવી ફરજીયાત કરવાના નિર્ણયને તા. 15 ઓગસ્ટ સુધી લંબાવવું જોઈએ. જેથી  વેપાર-ધંધાને વેક્સીન લેવા માટે પૂરતો સમય મળી રહે અને પ્રવૃત્તિ અટકવાને કારણે તેમને આર્થિક નુકશાન ભોગવવું પડે નહિ. વધુમાં આ સમય દરમિયાન વેક્સિનેશન કેમ્પ દૈનિક ધોરણે ચલાવવી શકાય તે માટે વેક્સીન નું પૂરતું સ્ટોક ઉપલબ્ધ કરાવવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

આપના  સકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

નટુભાઈ પટેલ
**પ્રમુખ**

**નકલ રવાના: શ્રી પ્રદીપસિંહજી જાડેજા, માનનીય ગૃહમંત્રીશ્રી, ગુજરાત સરકાર**